





ગામના કેટલાક સાપ, સૌના બાપ હોય છે,
ચાલે એમનું જ સ્વાતંત્ર્ય પર કાપ હોય છે,
પાપ હોય છે, તાપ ને છાપ કડક એમની -
દબાવે દાપથી, સૌને, એવી આ ખાપ હોય છે

થાય લાચાર,
અહંકારી માનવ
પ્રકૃતિ પાસે..

એપ્રિલમાં જ
અગન જવાળાઓ -
વર્સાવે વ્યોમ




## ચિંતન

**પદે પદે ચ રત્નાનિ, યોજને રસકૂપિકા : ।**
**ભાગ્ય હીના ન પશ્યન્તિ બહુરત્ના વસુંધરા ॥**

'આ પૃથ્વી પર પગલે પગલે રત્નો પડ્યાં છે અર્થાત જગત સમગ્ર રત્નોથી ભરેલું છે અને યોજને યોજને (દરેક કિ.મી.) જેવા અંતરે રસનાં કૂંડા જેવા કલાકરો પડ્યાં છે. રસના ક્ષેત્રો ભર્યાં પડ્યાં છે પણ જેના ભાગ્યમાં જ નથી એ બધું જોઇ - જાણી - પારખી શકતા નથી.'

આપણી આસપાસ ઘર-પરિવાર-સમાજમાં બાળકો અને ઘરની સ્ત્રીઓ, પડોશીઓ કે ગામમાં - કેટલાંય વિદ્વાન-પંડિત-સાહિત્યકાર કે કલાકારો હોય છે પણ ઘણીવાર આપણે તેમને ઓળખી ને એની કદર કરી શકતા નથી. કળા પારખવા માટે વિચક્ષણ-અભ્યાસી નજર જોઇએ...

હું એક નાના ગામડાંમાં રહેતો હતો ત્યાં એક પાનાવાળાની દૂકાનમાં બેસી દેશી તમાકુની બીડી બનાવનાર કચ્છીમાં સારી ગઝલ લખતો એક-બે વાર એની પાસેથી લઇ વર્તમાનપત્રમાં મોકલી - એની યોગ્ય કદર થઇ પછી તો આકાશવાણી અને કચ્છી મેગેઝીનમાં પણમાં એને સ્થાન મળ્યું. 'ઉસ્માન સાટી' કચ્છ કવિ નાની વયે જ અવશાન પામ્યા..

## સુવિચાર

- માનવીના જીવન સાથે જ માનવતા જોડાયેલી છે, માણસ ઉમદા અને ઉદાર બને તો દેવ બની શકે છે, અને અધમ બને તો શેતાન બની શકે છે **- એસ. ભટ્ટાચાર્ય**
- 'અહમ'ની દિવાલ દૂર થતાં જ વ્યક્તિ 'સોહમ'નો અનુભવ કરે છે **- અરવિંદ**
- માનવજીવનની સૌથી મોટી ખોજ એ મધ્યમબિંદુની ખોજ છે, માનવીનું મન કાં અલ્પમાં રહે છે અથવા અતિમાં રહે છે.. જેનો જીવન વિચાર મધ્યબિંદુ એ રહે છે એ જ માનવી જીવન-જાણી-માણી શકે છે **- અખંડ આનંદ**
- માનવ જીવન તો આનંદ માટે જ છે.. અને જો તેવું ન હોય તો જાણવું કે જીવનમાં ક્યાંક ત્રુટી છે **- જીવનસૂત્ર**
- તમે જે પણ કાર્ય કરતાં હોવ અને તેમાં તમને આનંદ ન આવે તો એ કામ કદી સારી રીતે નહીં થાય **- જનકલ્યાણ**
- પ્રસન્નતા કોઇ પહેલેથી નિર્ધારિત બાબત નથી.. એ તો તમારા પોતાના કૃત્ય પર આધારિત છે **- રમણ મહર્ષિ**
- ઝંખનાનાં જંગલમાં એવા ભૂલા પડ્યાં.. કે ના કેડી મળી ના ઝાંઝવા મળ્યાં **- રાજ લખતરવી**

- (સંકલન : દીપક વી. આસરા)

## બોધ કથા

નેતાઓ, અધિકારી, એકના ડબલ કરી આપનારા મનમાં એમજ સમજતાં હોય છે આપણે અમર છીએ અને એમ સમજીએ જમીન-પ્લોટ-મકાનો-સોનાં-ચાંદી ખરીદી છે એ ભૂલી જાય છે આ બધું અહીં એમ જ રહી જવાનું - તું એકલો જ ખાલી હાથે જવાનો છો!

સૂફી સંત ઇબ્રાહીમ ખૂબ તેજસ્વી - પ્રભાવશાળી બંદા હતા. એકવાર ફરતાં ફરતાં મહમદના રાજમહેલ સુધી પહોંચી ગયા. તેમના ઓજસને કારણે કોઇ ચોકીદારે તેમને રોકવાની હિંમત ન કરી. દરબારમાં રાજાના સિંહાસન સામે જઇ ઉભા રાજા નમ્ર હતો. સૂફી સંત ને કહ્યું, 'બાબા, હું આપની શું સેવા કરું?'

સંત કહે - મારે આ મુસાફરખાનામાં એક રાત રોકાવાની ઇચ્છા છે. વ્યવસ્થા થશે!

સૂલતાન કહે - બાબા! આ મારો મહેલ છે, મુસાફરખાનું નથી.. આમ છતાં..

સંત વચ્ચે જ બોલ્યા - આ પહેલાં સો વર્ષથી અહીં કોણ રહેતું હતું? રાજા કહે મારા બાપ-દાદા અને પૂર્વજો. આ અમારો મહેલ ત્રણસો વર્ષ જૂનો છે..

સંત કહે, જો તારી ત્રણ ચાર પેઢી અહીં આવી, રોકાઇ અને ચાલી ગઇ, મુસાફર ખાનામાં પણ લોકોની એ જ રીતે આવનજાવન થાય છે ત્યાં કોઇ કાયમ રહેતું નથી..

રાજા પગે પડ્યો - પોતાની ભૂલ સમજાઇ અને કહ્યું, 'આપને આ મુસાફરખાનામાં રહેવાની સગવડ કરી આપું છું.'

Email - sureshchandrabhatt18@gmail.com

# કોઈ કોઈ પોતે જ સ્વયં ખીંટી જેવાં હોય છે, તેની ઉપર સતત બધાં જાતજાતનો ભાર ટિંગાડતા હોય છે, કયારેક એ માણસ ભાર ઝીલી-ઝીલી ભીંતમાંથી હાલતી ખીંટી જેવો થઈ જાય છે, છતાં એને પોતાનું ખીંટીપણું ગમે છે

## ખીંટી માણસને ગમે છે
## વિચારયાત્રા

- ડો. જય ઓઝા

જૂના ઘરની રંગ અને પોપડા ઉખડેલી ભીંતો ઉપર ઠેકઠેકાણે ખીંટી જડેલી રહેતી. જુદીજુદી ખીંટી ઉપર જુદીજુદી વસ્તુઓનું સ્થાન. આગલા ખંડની એક મોટી ખીંટી ઉપર વર્ષો પહેલાં દાદાની લાલ ઝોળી, રાખોડી રંગની પાઘડી, લાલ-ઘસાયેલી છેટી તથા અબોટિયું કે પંચિયું લટકતાં રહેતાં. ખીંટી મોટી એટલે એની ઉપર ઘણાં થેલા-થેલી-કપડાં લટકાવી શકાતાં. થોડાં વર્ષો પછી એ મોટી ખીંટી ઉપરથી ઝોળી, છેટી, પંચિયું - અબોટિયું અદશ્ય થયાં અને એ ખીંટીથી સહેજ ઉપરની નાની ખીંટીએ દાદાની તસવીર ઝૂલતી થઈ ગઈ. હજી એ મોટી ખીંટી છે. કપડાં લટકાવવાનો ક્રમ ચાલુ છે. પેઢી બદલાઈ છે.

વર્ષો પહેલાં આધુનિક આર્કિટેક્ચરનો મહિમા નહિ. લીંપણવાળો ઓરડો અને જર્જરિત દીવાલો પર જયાં જુઓ ત્યાં ખીંટી, ખીલી જડેલાં કશુંક લટકાવવું હોય તો ઝપ્પ દઈને લટકાવી દેવાય. કોઈ આધેડ-પ્રૌઢ પુરુષ બહાર જઈને આવે કે તરત જ પોતાની થેલી, ટોપી ખીંટીએ ભેરવે અને હાશ કરીને હેઠે બેસે. કોઈ છોકરું દોડતું અડવા પગે નિશાળેથી હડી કાઢતું આવે ને ખીંટીએ એની થેલી કમ દફતર મૂકે ને સીધું જાય ખાવા. અમારા ચંદનબાની મંદિરે જવાની નાની-બચુકડી થેલી કોઈ ખીંટીએ અચૂક લટકતી હોય. વળી, કોઈક ખીંટી તો ચાવી માટે અલાયદી. અમારા ભાડૂત વર્ષોનાં વર્ષો સુધી ઉપર ચાવી ભેરવી ગયા અને ક્યારે લઈ ગયા એની સરત પણ ન રહે એટલી સાહજિકતા પ્રવર્તતી. કોઈ સજ્જન ખીંટીએ લાકડી લટકાવે, કોઈ છત્રી લટકાવી ભૂલીયે જાય. એકાદ ખીંટી વળી કાળી મેંશ બાઝેલા ફાનસનીયે ખરી. એક ખીંટી પર દળેલી ખાંડની પિત્તળની બરણી લટકતી હું દાયકાઓથી જોઉં છું. એમાંથી કેટલીય વાર ખાંડ ચોરીને ખાધી હશે. વળી, એક ખીલે લટકતી બરણીમાં સૂકો મેવો, એલચી વગેરે મોંઘેરી ચીજો સંઘરાયેલી. એ અમારા આકર્ષણનું કેન્દ્ર પણ ખરી. કોઈ ખીંટી પર વર્ષોજૂનાં કેલેન્ડરો ઝૂલે, કોઈ ખીલી પર તુલસીમાળાઓ સ્થિર થઈ બેઠી હોય, કોઈ પર બિલ-હિસાબોના સેંકડો નકામા બની ગયેલા કાગળોનો તાર તેની વીતી ગયેલી છતાં બાકી રહેલી અગત્યતા દર્શાવતો લટકતો હોય તો વળી કોઈ ખીંટી પર પિત્તળની છીણી પણ ઝૂલતી હોય.



નવા ઘરમાં તો શોભા બગડી જાય તેથી ક્યાંય ખીંટી-ખીલા-હૂક રખાતાં નથી. સ્વચ્છ, ખાલી, કોરીકટ્ટ દીવાલો સુઘડતા વ્યક્ત કરે છે. ઘરના જાત-ભાતના અસબાબના કરચલિયાળા જર્જરિત અક્ષરો વિનાની ભીંતો યુવાન અને સુંદર લાગે છે. નવા ઘરમાં ખીંટીને કશું સ્થાન નથી પણ જૂના ઘરમાં તો એકએક ખીંટી કેટકેટલા ઈતિહાસને પોતાની ઉપર ભેરવે છે.

આ સાવ નગણ્ય લાગતી ખીંટી એટલા માટે યાદ આવી કે હમણાં એક પ્રસંગકથા વાંચી. શ્રી શાંતિલાલ ડગલીએ અંગ્રેજીમાંથી રજૂઆત કરી છે. એક સુથારને ઘરમાં રિપેરકામ માટે બોલાવાયો. કામના પહેલા જ દિવસે રસ્તામાં ટાયર પંક્ચર થયું. ચાલુ કામે તેની ઈલેક્ટ્રિક કરવત બગડી. ઘરે પાછા ફરતાં એનું વાહન ચાલ્યું નહીં. જેમને ત્યાં કામ ચાલતું હતું એ સજ્જન સુથારને ગાડીમાં મૂકવા ગયા. ઘર આવતા જ સુથારે સજ્જનને અંદર આવવા નિમંત્રણ આપ્યું. ઘરમાં દાખલ થતાં પહેલા સુથાર એક નાના ઝાડ પાસે રોકાયો. બંને હાથ એણે ઝાડ પર મૂક્યાં. બારણામાં દાખલ થતાં જ એનામાં અજબનું પરિવર્તન દેખાયું. તેના થાકેલા ચહેરા પર સ્મિત ફરી વળ્યું. બાળકોને વહાલ કર્યું અને પત્નીને ચૂમી ભરી. સજ્જન બહાર નીકળ્યા ત્યારે સુથાર કાર સુધી મૂકવા આવ્યો. પેલા ઝાડ પરથી પસાર થયા ત્યારે સજ્જને કુતૂહલથી પૂછ્યું, ઘરમાં દાખલ થતાં પહેલાં તમે ઝાડને શા માટે અડક્યાં?

સુથારે કહ્યું, અરે હા ! આ ઝાડ તો મારા મનની ખીંટી છે. હું કામે જાઉં ત્યાં કોઈ ને કોઈ તકલીફ તો આવે જ. પણ ઘરે મારા પત્ની-બાળકોને એની સાથે શું લેવાદેવા? એટલે સાંજે જયારે કામ પરથી ઘરે પાછો આવું ત્યારે તકલીફો આ ઝાડ પર લટકાવી દઈ ઘરમાં દાખલ થાઉં છું. સવારે કામ પર જતાં આ ઝાડ પરથી તકલીફો પાછી લઈ લઉં છું. પણ નવાઈની વાત તો એ છે કે રાતે મૂકેલી તકલીફોમાંથી ઘણીખરી સવારે ત્યાં હોતી નથી.

માણસને કોઈપણ સ્વરૂપે ખીંટી ગમે છે. પોતાના દુઃખ, તકલીફ, પીડા, વ્યથા, મૂંઝવણ, ક્રોધ વગેરે કોઈક ને કોઈક ખીંટી પર ટિંગાડવા એ પ્રયત્ન કરતો રહે છે. કોઈને આ સુથારની જેમ વૃક્ષ જેવી જીવંત ખીંટી મળી પણ જાય છે. ખીંટી વગરનો માણસ સતત આ બધો ભાર પોતાની ઉપર લઈને ફર્યા કરે છે. કોઈકોઈ પોતે જ સ્વયં ખીંટી જેવાં હોય છે. તેની ઉપર સતત બધાં જાતજાતનો ભાર ટિંગાડતા હોય છે. ક્યારેક એ માણસ ભાર ઝીલી-ઝીલી ભીંતમાંથી હાલતી ખીંટી જેવો પણ થઈ જાય છે. છતાં એને પોતાનું ખીંટીપણું ગમે છે. લટકતી વસ્તુઓનું પ્રમાણ એટલું બધું વધી જાય છે કે ખીંટી દેખાતી પણ નથી.

એથી ઊલટું, ક્યારેક કંઈ મનગમતું વાંચતા હોઈએ ત્યારે તે સિવાયનું બાકીનું બધું સુખ પણ અને દુઃખ પણ, પેલી પુસ્તકની બહારની ખીંટીએ લટકતું હોય છે. જેવું પુસ્તક બંધ કરીએ કે ખીંટી પરથી બધું આપણા મન પર ભેરવાય. ખીંટી તો બિચારી મૌન છે, મૂક છે. તેની ઉપરની વસ્તુઓ બોલકી છે. પણ ખીંટી એનેય પોતાની જેમ મૌન બનાવી દે છે. તેથી જ પેલું વૃક્ષ એની ડાળીઓ પરનાં પર્ણો જેટલી જ સહજતાથી પેલા માણસની તકલીફો પહેરી લે છે - એ પર્ણો પવનમાં ફરકે એટલાં હળવાં હશે. સવાર સુધીમાં કેટલાંક પર્ણો આપમેળે જ ખરી જતાં હશે. બાકીના સમયાંતરે ખરશે અને નવાં પણ ફૂટશે જ. પેલો સુથાર જે વૃક્ષોના લાકડાં કાપી સર્જન કરે છે એને માટે વૃક્ષ કોઈ વસ્તુ નહિ પરંતુ પરમ સખા છે.

પરમ તત્વ સમીપે જતાં માણસે પોતાના દુઃખ અને સુખ, આનંદ અને પીડા, પ્રેમ અને દ્વેષ બધું જ કોઈ અદષ્ટ ખીંટી પર લટકાવતા જવાનું છે. ખીંટી માણસને કેટલો નરવો બનાવે છે! આખા જીવન દરમિયાન મનુષ્ય ખીંટી પર રોજબરોજ કેટકેટલું લટકાવતો રહે છે અને છેવટે પોતેય ખીંટીએ લટકી જાય છે, તસવીર બની.

# હું મારી શક્તિને જ્યારે પ્રેમમાં ખર્ચ કરી શકતી હોઉં ત્યારે તેને ગુસ્સા માટે શા માટે વેડફું? : મધર ટેરેસા

**ગુસ્સાથી પ્રતિક્રિયા વ્યક્ત કરવામાં ઘણી શક્તિ વપરાઈ જાય છે, આવી પ્રતિક્રિયા આપણને ક્ષીણ, શક્તિહીન કરી નાખે છે**

## ગુસ્સાને પ્રેમમાં ફેરવવો

- સંત રાજિન્દર સિંહ જી મહારાજ

એકવાર મધર ટેરેસાને કોઈએ પૂછ્યું,"ભારત અને વિશ્વના બીજા વિસ્તારોમાં જ્યાં આપ કામ કરો છો ત્યાં આપની આસપાસ ચારે તરફ ફેલાયેલા સામાજિક અન્યાયના અનેક ઉદાહરણોને જોઈ તમને ક્યારેય ગુસ્સો નથી આવતો ?" મધર ટેરેસાએ ખૂબ સુંદર જવાબ આપ્યો, "હું મારી શક્તિને જ્યારે પ્રેમમાં ખર્ચ કરી શકતી હોઉં ત્યારે તેને ગુસ્સા માટે શા માટે વેડફું ?"

મધર ટેરેસાની આ પ્રતિક્રિયા એક ઉચ્ચ દૃષ્ટિકોણ દર્શાવે છે જે આપણે પણ જીવનમાં અપનાવી શકીએ છીએ. આપણે રોજેરોજ એવી અનેક પરિસ્થિતિઓમાં મૂકાઈએ છીએ જેનાથી ગુસ્સો ભડકી શકે છે. ક્યારેક-ક્યારેક કોઈ આપણને આઘાત પહોંચાડે અથવા આપણને નારાજ કરે છે ત્યારે પણ આપણે ગુસ્સે થઈએ છીએ. એવા પણ ઉદાહરણ છે જેમાં અન્યોને આઘાત પહોંચાડતા જોઈ આપણને ગુસ્સો આવી જાય છે. આપણને સામાજિક અન્યાયની ઘટનાઓ પણ મળી શકે છે, જેમાં સમાજની વ્યક્તિઓનો એક સમૂહ અન્યાય સહન કરતો હોય છે. આ બધી બાબતોમાં આપણને લાગી શકે છે કે કંઈક ખોટું થઈ રહ્યું છે. બની શકે કે જે કંઈ બની રહ્યું છે તેને આપણે વણજોયું ન કરી શકીએ. ફેર માત્ર એટલો જ છે કે આપણે અન્યાય પ્રત્યે કઈ રીતે પ્રતિક્રિયા દર્શાવીએ છીએ? આપણે નિર્ણય કરવાની ક્ષમતા ધરાવીએ છીએ. આપણે ગુસ્સાથી પ્રતિક્રિયા વ્યક્ત કરી શકીએ છીએ અથવા્ ગુસ્સાને કાબૂમાં કરીને તેને પ્રેમમાં બદલી શકીએ છીએ. મધર ટેરેસાએ ગુસ્સાને પ્રેમથી કાબૂમાં કરવાનો નિર્ણય કર્યો હતો.



સંસારમાં ક્રોધ અને હિંસા ભરેલા પડ્યા છે. દરેક ગામ ને શહેરમાં, દરેક ઘરમાં આપણે ક્રોધનો વિસ્ફોટ થતો જોઈએ છીએ. આ ગુસ્સાના બદલામાં વધુ ગુસ્સો કરવાથી આગમાં ઘી હોમવાનું જ કામ થાય છે. આપણે અગ્નિ પર પંખો કરીને આગને બુઝાવી શકતા નથી. આપણે આગને(પાણીથી) બુઝાવવી પડશે. એવી જ રીતે, આપણે ગુસ્સાની અગ્નિને, અગ્નિથી શાંત કરી શકતા નથી. આપણે ગુસ્સાના અગ્નિને પ્રેમથી શાંત કરી શકીએ છીએ. કોઈ ઝઘડા દરમિયાન, ક્રોધભર્યા અવાજમાં બોલવાને બદલે આપણે મીઠાશનો મલમ લગાવવો જોઈએ જેથી બીજાનો ગુસ્સો ઠંડો પડી જાય. વાતાવરણમાં ગુસ્સાભર્યા વિચારોના તરંગોમાં વધારો કરવાને બદલે, આપણે પ્રેમભર્યા વિચારોને પ્રસારિત કરવા જોઈએ જેથી વાતાવરણ સાફ થઈ જાય.

ગુસ્સાથી પ્રતિક્રિયા વ્યક્ત કરવામાં ઘણી શક્તિ વપરાઈ જાય છે. આવી પ્રતિક્રિયા આપણને ક્ષીણ, શક્તિહીન કરી નાખે છે, પણ જો આપણે આપણી શક્તિને પ્રેમમયી પ્રતિક્રિયામાં લગાવીએ તો તેનાથી આપણે પરિસ્થિતિમાં સમન્વય લાવી શકીશું એટલું જ નહીં આપણે પોતે પણ તે પ્રેમથી ઊર્જા મેળવીશું. જ્યારે આપણે પ્રેમથી વ્યવહાર કરીએ છીએ તો આપણે દરવાજાને ખોલીએ છીએ જેથી પ્રભુ-પ્રેમ આપણામાંથી પ્રવાહિત થઈ શકે. આપણે પ્રભુ પ્રેમથી ઊર્જા અને ઊભાર મેળવીએ છીએ. ફરીવાર જ્યારે આપણે પોતાને એવા વાતાવરણમાં પામીશું જ્યાં અન્યાય થઈ રહ્યો હોય તો આપણે ગુસ્સાને બદલે પ્રેમથી પ્રતિક્રિયા કરવાનો પ્રયત્ન કરીશું. આપણે આપણી સકારાત્મક પ્રતિક્રિયાને, એ વાતાવરણ પર અને પોતાના પર અસર થતી જોઈ શકીએ છીએ.

સંસારમાં ઘણા પ્રકારના ક્રોધ વિદ્યમાન છે. આવો, આપણે સંસારમાં સમન્વય અને શાંતિ લાવીએ. આવો, આપણે ગુસ્સાને પ્રેમથી જીતી લઈએ. આપણે જોઈશું કે આપણું એવું કૃત્ય, એક તરંગની જેમ, અન્યો સુધી પહોંચશે અને તે દિવસ દૂર નહીં હોય, જ્યારે આપણું વાતાવરણ, આપણો સમાજ અને આપણો સમુદાય, આ સંસારમાં શાંતિનો આશ્રય બની જાય.

# મજનૂની મોહબ્બતની સૂક્ષ્મ જાળ અને માવતરના સ્નેહની અતૂટ પાળ વચ્ચેના જંગમાં પાગલપ્રેમીઓ કેમ વિજય પામે છે?

## અસમંજસ

- જનક પટેલ

માવતરનો સોળ વર્ષ સુધીનો દિકરી પ્રત્યેનો પ્રેમ અને મજનૂઓનો સોળ કલાક કે સોળ દિવસના - પ્રેમમાં ફર્કમાં પાગલ પ્રેમીઓ કેમ જીતે છે. પ્રેમના ચક્રવ્યુહમાં ફસાયેલી દિકરી કોર્ટમાં માવતરને કેમ ઓળખતી નથી? પરિવારને કેમ ભૂલે છે ? ગામ કે સમાજ સાથે દગો કેમ કરે છે? શું કામ આત્મહત્યા કરી પોતાના અમૂલ્ય જીવનને સંકેલી લે છે? કારણ કે સેક્સનું પ્રમાણ વધતાં પ્રેમ બમણાં વેગે ગતિ કરે છે. અને સેક્સ ચરમસીમાએ પહોંચતાં પ્રેમ બ્રહ્માંડ છેદી બહાર નીકળી જાય છે. વૈજ્ઞાનિક આઇનસ્ટાઇનના નિયમ મુજબ જેવી રીતે અણુબોમ્બ વિસ્ફોટ થાય છે - એવી જ રીતે કયારેક આવેશમાં આવી પાગલ પ્રેમીઓ દુનિયાની નજરમાં આત્મહત્યા કરી બરબાદીની શહાદત સ્વીકારે છે અને બ્રહ્માંડની બહાર મૃત્યુ સિવાય બીજું કશું નથી.



કૌમાર્યભંગ જિંદગીની કરવટ બદલી નાંખે છે. સમજદાર છોકરીઓએ બચપનથી વિચારેલ હોય છે કે જિંદગીમાં એક આદર્શ ભારતીય નારી સીતા જેવી પત્ની, જશોદા જેવી માતા બનવું અને પોતાનું પવિત્ર શરીર માત્ર પતિને જ સોંપવું. દસમું - બારણું ધોરણ પાસ કરી મા-બાપની વ્હાલી દીકરી કોલેજમાં પ્રવેશ કરે છે ત્યારે એની નવી જિંદગી શરુ થાય છે. મોટા ભાગની કોલેજનું વાતાવરણ પ્રેમથી ખદબદે છે. સૂત્રો અને વિદ્યાર્થીઓના એક સર્વે પ્રમાણે સરકારી કોલેજોમાં લેકચરો બહુ જ ઓછાં પ્રમાણમાં લેવાય છે. અને રીપીટરોની પરીક્ષાઓ વધુ પ્રમાણમાં લેવાય છે. સરકારના ચોપડે કોલેજનું બંધારણ મજબૂત છે પણ અંદરનું કામકાજ નબળું - પોલું છેં. વિદ્યાર્થીઓ આઝાદ છે એમને કોલેજનો સહેજપણ ડર નથી. કોલેજના કાયદા એમને સ્પર્શતા નથી. વિદ્યાર્થીઓને જે ભાર કે ડર કોલેજ કે પ્રોફેસરોનો હોવો જોઇએ તે રહ્યો નથી. પણ આડકતરી રીતે ઘણી કોલેજો સ્વતંત્રતા બક્ષે છે અને કોલેજનો કર્મચારી વર્ગ પણ સરકારી નિયમોને ગેરફાયદો ઉઠાવી આઝાદી ભોગવે છે. સ્ટાફ સંપૂર્ણપણે પોતાની જવાબદારી નિભાવતો નથી. એના પરાવર્તિત અસરરુપે વિદ્યાર્થીઓ કમ્પાઉન્ડની બહાર પૂરજોશમાં પ્રેમલીલાઓ રચે છે. હાલના સમયમાં સોળ-સત્તર વર્ષની છોકરી પ્રેમમાં પડી ગેસ્ટહાઉસને ઘર બનાવે છે. નાદાન ઉંમરે જયારે કોલેજના પડછાયામાંથી નીકળેલા પ્રેમને જયારે એ પોતાનું સર્વસ્વ સોંપી - જે ખ્યાલ રચે છે એ પણ તૂટે છે. કોલેજના પ્રેમના જિંદગી બનાવતી એ નરી મૂર્ખતા છે કારણ કે એ આકર્ષણના અંધારામાં રચાયેલી એક પોલી દિવાલ છે. જેને હર કોઇ છેદ કરી શકે છે. મતલબ કે એ ઉંમર કે તે પ્રેમ ભવિષ્યને સમજવા માટે સક્ષમ નથી અને જો તે નાદાન ઉંમરને સ્વતંત્રતા મળશે તો ચોક્કસપણે ગામ, સમાજ, પરિવાર અને માવતરની મર્યાદાઓ તૂટવાની એમાં શંકાને કોઇ સ્થાન નથી. કોલેજનાં અણસમજુ બાળકો મૃગજળરુપી પ્રેમના વહેમમાં પડી ઘરબાર છોડી ભાગી જાય છે તો કયારેક રેલવે પાટા ઉપર ટ્રેન નીચે આવી આત્મહત્યા કરી લે છે તો વળી કોઇ વાર સૌને અંધારામાં રાખી શહેરના કોઇ ભાડાના રુમને શણગારી દાંપત્યજીવનની મૂલ્યવાન ક્ષણો માણે છે - જેના માટે જવાબદાર માવતર કે પરિવાર નથી પણ આડકતરી રીતે કોલેજ બક્ષેલી સ્વતંત્રતા છે.

સરકારી કોલેજમાં વિદ્યાર્થીઓ લેકચરો ભરતા નથી, ઘણા વિદ્યાર્થીઓની હાજરી ૨ કે ૫ % ટકા હોય છે ત્યારે પરીક્ષાના આગલા દિવસે એચ.ઓ.ડી. કે પ્રિન્સીપાલ વિદ્યાર્થીને વાલીને બોલાવવાની ફરજ પાડે છે - જે ખોટું છે, શરુઆતમાં વાલીને જાણ કરવામાં આવતી નથી જયારે વિદ્યાર્થી કોલેજમાં આવતો નથી. પાછળથી કેમ! કારણ ફરજ પ્રત્યેની બેદરકારી - જેમાં નુકસાન વિદ્યાર્થીને જ થવાનું. એક પિતા ઘરે રહીને મજૂરી કરે કે શહેરમાં ભણતાં પોતાના દિકરાનું ધ્યાન રાખે? દરેક જગ્યાએ વાલીનો વાંક નીકળે છે, માવતર નીંદાય છે.

દેશનાં પતનના કારણોમાંનું એક પરિબલ છે - દંભી, ઢોંગી પ્રેમ. સાત્વિક નહીં લોહચુંબકીય પ્રેમ, નિઃસ્વાર્થ નહીં પણ સ્વાર્થથી ઊભરાતા, પરિવારને પતન કરવા, માવતરના હૃદયને છેદતા, સમાજને ડંખતા, નકલ પર નભતો, ઇશ્વરને અભડાવતા, પાપને પોષતો, શંકાને શોષતો, દોષેન સંતાડતા, દિલને રમાડતા, મનને મનાવતા, જિંદગીને બરબાદ કરતા પ્રેમ અને શોખના કારણે બંધાયેલા સજાતીય સંબંધોના કિસ્સાઓ વધ્યાં છે.

આ નાદાન વિદ્યાર્થીઓ પ્રેમના રવાડે ચઢી જિંદગી બરાબર કરી રહ્યા છે, તો વળી કયાંક-કયાંક તો બિભત્સ દૃશ્યો ભજવી વડીલોને પણ શરમાવે છે. કોલેજ પાસે કોઇ શિક્ષણમંત્રી નથી એટલે આ પાગલ પ્રેમીઓ 'ખુલ્લમ-ખુલ્લા પ્યાર કરેંગે હમ દોનોં' નો મોહબ્બત મંત્ર અપનાવી જિંદગીને સુંદર ભવિષ્યના નકશામાંથી નાબૂદ કરી રહ્યા છે. ટૂંકમાં પવિત્ર પ્રેમના નામે સમાજમાં એક ગંદકી પ્રસરી રહી છે જેને રોકવા કોઇ તૈયાર નથી.